જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૩/૧૦/૨૦૨૦ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૬૮૪/૨૦૨૦

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૨/૧૦/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૫૬૫ | ૧૧ | ૧૦૫૭૬ | ૧૬૬૬૬ | ૧૫ | ૧૬૬૮૧ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૪૧ | ૨ | ૪૩૪૩ | ૫૮૫૬ | ૨ | ૫૮૫૮ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૮ | ૦ | ૪૮ | ૨૧૯ | ૦ | ૨૧૯ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૪૬૫૭ | ૧૨ | ૧૪૬૬૯ | ૧૫૪૧૫ | ૧૬ | ૧૫૪૩૧ |
| | કુલ | ૨૯૬૧૧ | ૨૫ | ૨૯૬૩૬ | ૩૮૧૫૬ | ૩૩ | ૩૮૧૮૯ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧03 | ૧૨,૮૮,૯00/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૭૧૪ | ૧૭,૧૪,000/- |

# ચોરી ના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**ઇસનપુર પોલીસ સ્ટેશન :**

## ઓટો રીક્ષા તથા લોડીંગ રીક્ષામાથી રીક્ષાની બેટરી કાઢી ચોરી કરતા આરોપીને મુદ્દામાલ સાથે પકડી પાડતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જે"ડીવીઝન સાહેબનાઓ તરફથી અવાર-નવાર મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તથા વણ શોધાયેલા મિલ્કત સબંધી ગુનાઓ શોધી કાઢવા સુચના આપેલ હોય જે સુચના આધારે પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.એમ સોલકી સાહેબ તથા સેકન્ડ પોલીસ ઇન્સપેકટર શ્રી કે.બી.સાંખલા સાહેબ ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓની સુચના અને માર્ગદર્શન મુજબ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડાનાઓ સર્વેલન્સ સ્કોડના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા તા.૦૨/૧૦/૨૦૨૦ ના કલાક ૨૦/૧૫ વાગે નારોલ સર્કલ પાસે અંબિકા હોટલ પાસેથી અ.હે.કો મો.અશરફ ઇસ્માઇલભાઇ તથા લોકરક્ષક ભરતભાઇ લક્ષ્મણભાઇ તથા લોકરક્ષક અનિરૂધ્ધસિહ જાલુભા નાઓની સયુક્ત બાતમીથી આરોપી તૌસીફ ઉર્ફે ચીનો મોહમદભાઇ અનવરભાઇ કાઝી ઉ.વ ૧૯ રહે મ.ન ૨૦૩ શુભાન પાર્ક ઠાકુર વાસ બોમ્બે હોટલ દાણીલીમડા અમદાવાદ શહેરનાને ચોરીની રીક્ષા તથા લોડીંગની બેટરી નંગ-૦૪ કિંમત રૂપિયા ૧૧,૫૦૦/- સાથે પકડી પાડી ઇસનપુર પોલીસ સ્ટેશન ગુના નંબર પાર્ટ-એ ૧૧૧૯૧૦૨૨૨૦૧૪૦૦/૨૦૨૦ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબનો ગુનો શોધી કાઢેલ છે.

# <u>પ્રોહીબીશનના ગુનાના આરોપીની અટકાયતની વિગત</u>

**<u>પી.સી.બી.</u>**

**<u>" નિકોલ પોલીસ સ્ટેશનની હદમા ફિલ્મી ઢબે કારનો પીછો કરી કારમાથી ભારતીય બનાવટનો વિદેશી દારુની નાની મોટી બોટલો નંગ- ૬૮૪ (૨૭ પેટી) કિ.રુ૧,૬૭,૨૨૦/ તથા ટીન બીયર નંગ ૯૬ કિ.રુ.૧૨,૦૦૦/ સાથે કુલ્લે રુપિયા ૪,૯૧,૪૪૦/- ના મુદામાલ સાથે એક આરોપી ને ઝડપી પાડતી પી.સી.બી."</u>**

મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ સુચના આપેલ જે સુચના આધારે પીસીબી ઈન્ચાર્જ પો.સ.ઈ.શ્રી એ.ડી.ચાવડાના માર્ગદર્શન હેઠળ તા.૨.૧૦.૨૦૨૦ ના રોજ સ્ટાફના અહેકો રાજેન્દ્રસિહ જીવતસિહÊ અહેકો જગદીશકુમાર કાંતીલાલÊ અહેકો મુકેશભાઈ રામાભાઈÊ અહેકો શૈલેષભાઈ દેવાભાઈ તથા અપોકો કેયુરભાઈ ધીરુભાઈ વિગેરે માણસો પેટ્રોલીગમાં હતા દરમ્યાન અપોકો કેયુરભાઈ ધીરુભાઈ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીક્ત આધારે એસપી રિંગરોડ દાસ્તાન સર્કલ થી ૧૦૮ થી હરીદર્શન તરફ જતા ક્રિસ્ટલ આઈકોન-૨ ની સામે જાહેર રોડ ઉપર ઈકો સ્પોર્ટ્સ કાર નંબર RJ-01-HX- 4380 ને પીછો કરી પકડી પાડી સદર કારમાંથી ભારતીય બનાવટના વિદેશી દારુની નાની મોટી બોટલો નંગ ૬૮૪ કિ.રૂ.૧,૬૭,૨૨૦/ તથા ટીન બીયર નંગ ૯૬ કિ.રૂ.૧૨,૦૦૦/અન્ય મુદામાલ મળી કુલ્લે કિ.રૂ.૪,૯૧,૪૪૦/- સાથે કાર ચાલક નરેશ જગમાલ અસારી રહે.ગામ-ચુડાવાળા તા.બિછીવાડા જી.ડુગરપુર રાજસ્થાન ને પકડી લઈ તથા અન્ય ૫ ઈસમો ને વોન્ટેડ જાહેર કરી તેઓ વિરુધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરી નિકોલ પો.સ્ટે. ખાતે સી પાર્ટ ગુરન. ૧૧૧૯૧૦૧૫૨૦૧૦૭૯/૨૦૨૦ પ્રોહિ એક્ટ કલમ ૬૬(બી), ૬૫(એ)(ઈ), ૧૧૬બી),૯૮(૨) ૮૧ મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

<u>પકડાયેલ આરોપીઓ :</u>

(૧) નરેશ જગમાલ અસારી રહે.ગામ-ચુડાવાળા તા.બિછીવાડા જી.ડુગરપુર રાજસ્થાન

<u>વોન્ટેડ આરોપીઓ:</u> (૧) ઈકો કાર નંબર RJ-01-HX- 4380 નો ચાલક સુરેશ જેના પુરા નામ ઠામની ખબર નથી (૨) ભરત ઉર્ફે લંગડો ડાંગી રહે. રાજસ્થાન (૩) શકાજી રહે. રાજસ્થાન
(૪) શૈલેષ રહે. રાજસ્થાન (૫) માનસિંગ મીણા રહે. રાજસ્થાન

<u>ગુનાની જગ્યા :</u> એસપી રિંગરોડ દાસ્તાન સર્કલ થી ૧૦૮ થી હરીદર્શન તરફ જતા ક્રિસ્ટલ આઈકોન-૨ ની સામે જાહેર રોડ ઉપર

<u>પકડાયેલ મુદામાલ :</u> (૧) ભારતીય બનાવટના વિદેશી દારુની નાની મોટી બોટલો નંગ નંગ ૬૮૪ કિ.રૂ.૧,૬૭,૨૨૦ / (૨) ટીન બીયર નંગ ૯૬ કિ.રૂ.૧૨,૦૦૦/ (૩) ૧ મોબાઈલ ફોન કિ.૧૦,૦૦૦/- (૪) રોક્ડા રુપિયા ૨૨૨૦ (૪) ઈકો સ્પોર્ટ્સ કાર નંબર RJ-01-HX- 4380 કિ.રૂ.3,00,000/ મળી કુલ્લે કિ.રૂ.૪,૯૧,૪૪૦/- નો મુદામાલ





# પાસા અટકાયતીની વિગત

## રામોલ પોલીસ સ્ટેશન :-

## પ્રોહીબીશન સબંધી બે આરોપીની પાસા હેઠળ અટકાયત કરતી રામોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૦૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "આઇ" ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ રામોલ પોલીસ સ્ટેશન તથા અમદાવાદ શહેર વિસ્તારમા દાખલ થયેલ પ્રોહિબિશન સંબંધી ગુનામા પકડાયેલ આરોપીઓ વિરૂધ્ધમા વિગતવારની પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલી આપતા નં.(૦૧) પીસીબી/ડીટીએન/પાસા/૯૮૨/૨૦૨૦ તા.૦૧/૧૦/૨૦૨૦ થી પાસા અટકાયતી શ્રી જયરાજસિંહ ઉર્ફે પિન્ટુ વિક્રમસિંહ ચૌહાણ ઉ.વ.૨૮ ધંધો.મજુરી રહે.૩૮/૩૯ નાણાવટીની ચાલી મદ્રાસી મંદીર ખોખરા અમદાવાદ શહેર નાઓને પાસા અટકાયતી તરીકે મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે રહેવા હુકમ થતા હુકમની બજવણી તા.૦૨/૧૦/૨૦૨૦ ના ક.૧૮/૩૦ વાગે તથા (૦૨) પીસીબી/ડીટીએન/પાસા/૯૮૩/૨૦૨૦ તા.૦૧/૧૦/૨૦૨૦ થી પાસા અટકાયતી શ્રી ક્રિષ્નપાલસિંહ બહાદુરસિંહ ઝાલા ઉ.વ.૨૨ ધંધો.મજુરી રહે.મ.નં.૮૫ હરીહર પાર્ક સોસાયટી મેટ્રો પીલર નં.૧૦૩ સામે મહાદેવનગર વસ્ત્રાલ રામોલ અમદાવાદ શહેર નાઓને પાસા અટકાયતી તરીકે મધ્યસ્થ જેલ પાલારા ભુજ ખાતે રહેવા હુકમ થતા હુકમની બજવણી તા.૦૨/૧૦/૨૦૨૦ ના ક.૧૯/૦૦ વાગે કરેલ છે ઉપરોક્ત આરોપીને યોગ્ય પોલીસ જાપ્તા સાથે પાસા અટકાયતી તરીકે રહેવા મોકલી આપેલ છે

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૬૮૫/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૪ કેસ કરી, ૩૧ વ્યક્તિઓને ઝડપી, ૨૫૯ લીટર દેશી દારૂ, ૬૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૬ ક્વૉટર ઈંગ્લીશ દારૂ, ૬૮ બીયરટીન, ૦૩ સ્કુટર, ૦૧ મોટર સાયકલ અને ૦૧ ઓટોરીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૫ કેસ કરી ૧૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૧,૭૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૬૮૬/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## તાજી જન્મેલી(જીવીત)બાળકી મળી આવી:- સમાચાર યાદી નં.૧૬૮૭/૨૦૨૦

**બાપુનગર** : તા.૦૨/૧૦/૨૦૨૦ ના કલાક ૭/૩૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે અજીતમીલ ચાર રસ્તા આઇ.ડી.એફ.સી ફસ્ટ બેંક સામે બ્રીજ નીચે બીનવારસી હાલતમાં તાજી જન્મેલી જીવીત બાળકી ત્યજી દિધેલ હાલતમાં મળી આવતા, બાપુનગર પોલીસે અજાણી સ્ત્રી વિરૂધ્ધ ગુનો નોંધી આ અંગેની તપાસ પો.ઇ.શ્રી એન.કે.વ્યાસ ચલાવે છે.

## છેતરપીંડી :- સમાચાર યાદી નં.૧૬૮૮/૨૦૨૦

**બાપુનગર** : દિપકભાઇ બટુકભાઇ પટેલ (ઉ.વ.૪૦)(રહે.ઇલા સોસાયટી, ઇન્ડીયા કોલોની બાપુનગર) એ તા.૦૨/૧૦/૨૦૨૦ નારોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૦૫/૨૦૨૦ બપોરના ૨/૩૫ થી તા.૧૧/૦૫/૨૦૨૦ ના કલાક ૧૧/૪૫ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે અજાણ્યા મો.નં. (૧) +૪૪૧૨૭૪૨૯૮૪૫૧ તથા (૨)+૪૫૩૬૯૫૯૬૩૫ નંબરવાળા અજાણ્યા ઇસમે ઉપરોક્ત મોબાઇલ નંબર ઉપર દિપકભાઇના મામા ભિખેશભાઇના ફેમીલીનો ફોટો વોટસઅપમાં ડી.પી. મા રાખી, દિપકભાઇ સાથે વાતચીત કરી તેમની પાસેથી કુલ રૂપિયા ૨,૫૦,૦૦૦/- RTGS દ્વારા મેળવી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.આર.શેઠ ચલાવે છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૧૬૮૯/૨૦૨૦**

**રામોલ** : સંદિપભાઇ મનસુખભાઇ પટેલ (ઉ.વ.૨૫)(રહે, ત્રિદેવપાર્ક સોસાયટી સહજાનંદ સ્કુલ નીચે વસ્ત્રાલ રોડ, વસ્ત્રાલ) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૧/૧૦/૨૦૨૦ રાતના ૮/૦૦ થી તા.૦૨/૧૦/૨૦૨૦ ના કલાક ૮/૦૦ વાગ્યા દરમ્યાન વસ્ત્રાલ રામેશ્વર એસ્ટેટ ખાતે આવેલ કારખાનાની બારીઓ ખોલી, અજાણી વ્યક્તિ ઓફીસમાં પ્રવેશ કરી, સંદિપભાઇના કારખાનામાંથી મશીનમાં ઉપયોગમાં લેવાતી ઇનશર્ટ નંગ ૨૦૦ કિંમત રૂપિયા ૭૭,૫૦૦/- તથા એસ્ટેટના શેડ નં.૦૧ ના શેઠ મેહુલભાઇ મધુસુદન ગજ્જર નાઓની ઓફિસમાંથી લેપટોપ કિંમત રૂપિયા ૧૦,૦૦૦/- તથા શેડ નં.૧૨ ના શેઠ પ્રહલાદભાઇ નટવરલાલ પંચાલ નાઓની ઓફિસમાંથી લેપટોપ કિંમત રૂપિયા ૧૦,૦૦૦/- તથા શેડ નં.૩૬ ના શેઠ હર્ષદભાઇ સુરેશભાઇ પટેલ નાઓની ઓફિસમાંથી લેપટોપ કિંમત રૂપિયા ૧૦,૦૦૦/- તથા શેડ નં.૪૭ ના શેઠ ચંદ્રેશભાઇ નાગરભાઇ કેરલીયા નાઓની ઓફિસમાંથી લેપટોપ કિંમત રૂપિયા ૧૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૧૭,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.આર.ભાટી ચલાવે છે.

**છત ઉપરથી પડી જતા મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૧૬૯૦/૨૦૨૦**

**બાપુનગર** : બાપુનગર રઘુનાથનગર શેડ નંબર-૦૧ ખાતે આવેલા કારખાનામાં રહેતા અને ત્યાંજ કામ કરતા સંતરામભાઇ રામઅવતાર રાજપુત (ઉ.વ.૧૮) તા.૦૨/૧૦/૨૦૨૦ ના કલાક ૦૦/૪૫ વાગ્યાના સુમારે છત ઉપર પેશાબ કરવા જતા અકસ્માતે છત ઉપરથી નીચે પડી જતા, શરીરે ગંભીર ઇજાઓ થતા તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.આર.શેઠ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી